Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre**

**[Estb.: Govt. of Gujarat]**

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429) FAX No.: (0281) 2576347 E-mail Id: dbachair@sauuni.ac.in**

**પરિશિષ્ટ–૬**

# બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫

**BAC/ડૉ. આંબેડકર પુસ્તક પ્રકાશન અનુદાન/૨૦૨૪–૨૫, તા.૦૪/૦૪/૨૦૨૪**

**વંચાણે લીધા**

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૦૪/૦૪/૨૦૨૪ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

ગુજરાત સરકારશ્રી દ્વારા અનુ.જાતિ વિભાગ દ્વારા અનુદાનિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સંચાલિત બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકામાં એકટીવીટી ઓફ ધ ચેર અંતર્ગત પેટા બજેટ પબ્લિકેશન ઓફ ધ બુકસ અંતર્ગત બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન સંબંધિ પુસ્તકોને પુસ્તક રૂપે પ્રકાશન સહાય આપવાનું ઠરાવવામાં આવ્યું છે. સમગ્ર ભારતવર્ષના કોઈપણ અધ્યાપક/નિવૃતઅધ્યાપક/સરકારી કર્મચારીઓ આ પ્રકાશન સહાય યોજના અંતર્ગત તેઓના હસ્તલિખિત પ્રત ડૉ.આંબેડકરજી પરના પુસ્તકને પ્રકાશન કરવા આર્થિક અનુદાન માટેની જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી નિયત નમૂના અરજી પત્રકમાં તેઓની હસ્તલિખિત હસ્તપ્રત ચેર–સેન્ટરની ઓફિસ સમય દરમ્યાન પહોંચાડવાની રહેશે. વધુ માહિતી ચેર–સેન્ટરની વેબસાઈટ અને કાર્યાલય પરથી પ્રાપ્ત થશે.

- **ડૉ. આંબેડકર પુસ્તક પ્રકાશન અનુદાન યોજનાના નિયમો :**

૧. પુસ્તક પ્રકાશન સહાય યોજનાનો લાભ કોઈપણ અધ્યાપક/નિવૃત્ત અધ્યાપક/સરકારી અધિકારી/ કર્મચારીઓ/ સંશોધકો/વિદ્વાનો/લેખકો લઈ શકે છે.

૨. પુસ્તક પ્રકાશન સહાય યોજના માટે ૧ લેખક ૧ (એક) જ હસ્તપ્રત મૂકી શકશે.

૩. અરજી કરવાના સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપો આપ રદ ગણાશે.

૪. પુસ્તક પ્રકાશન સહાય યોજનાની અરજી નિયત નમૂના અરજીપત્રક પર જ કરવાની રહેશે.

૫. પુસ્તક પ્રકાશન માટે મંજૂર થયેલી સહાયની રકમ ચેર–સેન્ટરમાં પ્રકાશિત પુસ્તકની ૨૫ કોપી જમા કરવાની રહેશે અને પુસ્તક પ્રકાશિત સંસ્થાનું બિલ ચેર–સેન્ટરમાં જમાં કર્યા બાદ જ મંજૂરી થયેલ અનુદાનની રકમ આપના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં છે.

૬.	આ પુસ્તક પ્રકાશન સહાયની રકમ ચાલુ નાણાકીય વર્ષ પૂરતી જ હોય મંજૂર થયેલ પુસ્તક મોડામાં મોડું ચેર–સેન્ટરની જાહેરાત અન્વયે સમયમર્યાદામાં પ્રકાશિત કરી ચેર–સેન્ટરમાં જમા કરવાનું રહેશે.

૭.	પુસ્તકના અંદરના પૃષ્ઠ પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ચેર–સેન્ટરનો લોગો રાખવાનો રહેશે અને અંદરના પાના પર **<u>''બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના આર્થિક અનુદાનથી પ્રકાશિત''</u>** આ પ્રકારનું લખાણ અવશ્ય લખવાનું રહેશે.

૮.	પુસ્તકની અંદાજિત પૃષ્ઠ સંખ્યા ડેમિ સાઈઝમાં ઓછામાં ઓછા ૧૦૦ પૃષ્ઠોમાં પુસ્તક પ્રકાશિત અને પ્રકાશન સંસ્થાનું બિલ ચેર–સેન્ટરમાં જમાં કર્યા બાદ જ મંજૂરી થયેલ અનુદાનની રકમ આપના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં છે.

૯.	પુસ્તકનું પ્રકાશન ISBN નંબર સાથે પ્રકાશન કરવાની જવાબદારી લેખકની રહેશે.

૧૦.	પુસ્તકની હસ્તપ્રતનો વિષય ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કવન, ચિંતન, તત્ત્વજ્ઞાન અથવા ડૉ. આંબેડકરજી અને ભારતીય મહાપુરુષોને અનુલક્ષીને હોવો જરૂરી છે.

૧૧.	પુસ્તક પ્રકાશન સહાય યોજના અંતર્ગત રૂા. ૬૦ હજાર ગ્રાન્ટની મર્યાદામાં આર્થિક અનુદાન આપવામાં આવશે. ૦૩થી વધારે અરજીઓ આવે તો ચેર–સેન્ટર દ્વારા રૂબરૂ મુલાકાત/ ઓનલાઈન ઈન્ટરવ્યૂ દ્વારા પસંદગી સમિતિ ઈન્ટરવ્યૂ લઈને પસંદગી કરવામાં આવશે. ઈન્ટરવ્યૂ સમિતિમાં ચેર–સેન્ટરના સલાહકાર સમિતિમાંથી માનનીય કુલપતિશ્રી દ્વારા નિયુક્ત સલાહકાર સમિતિના બે સદસ્યો દ્વારા અને એક વિષય નિષ્ણાંત દ્વારા ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. વર્ષ : ૨૦૨૪–૨૦૨૫થી પુસ્તક પ્રકાશન માટેની આર્થિક અનુદાનની રકમ ૦૧ અરજીઓ આવે તો ૩૦ હજાર, ૦૨ અરજીઓ આવે તો ૩૦–૩૦ હજાર અને ૦૩ અરજીઓ આવે તો ૨૦–૨૦ હજાર આર્થિક અનુદાન આપીએ.

૧૨.	બાબાસાહેબ ડૉ. બી.આર.આંબેડકર ચેર–સેન્ટરની પુસ્તક પ્રકાશન આર્થિક અનુદાન યોજના અંતર્ગત ગત વર્ષમાં આર્થિક સહયોગ પ્રાપ્ત કર્યો હોય તેવા ઉમેદ્વારો એક વર્ષના અંતરાલ પછી જ પુનઃ અરજી કરી શકે છે.

૧૩.	પ્રગટ થતી કૃતિમાં કોઈ પણ પ્રકારની જાહેરાત હોવી જોઈએ નહીં.

૧૪.	પુસ્તકમાં સરકાર માન્ય સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવાની રહેશે તથા પુસ્તકમાં પ્રકાશિત થતાં વિચારો, કે લેખન બાબતે સંપૂર્ણ જવાબદારી લેખકની રહેશે.

૧૫.	ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાની હસ્તપ્રતો હોય તેવા લેખકો આ યોજના અંતર્ગત ઉમેદ્વારી કરી શકે છે.

૧૬.	આ નિયમોમાં જરૂરી સુધારા કરવાની આખરી સત્તા કુલપતિશ્રીની રહેશે.

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

ચેરમેન
બાબા સાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર સેન્ટર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ગુજરાત)

Liberty Equality Fraternity

# SAURASHTRA UNIVERSITY

# Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre

[Estb.: Govt. of Gujarat]

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429) FAX No.: (0281) 2576347 E-mail Id: dbachair@sauuni.ac.in**

## પુસ્તક પ્રકાશન આર્થિક અનુદાન યોજના–અરજીપત્રક

| | | |
|---|---|---|
| (૧) | લેખકનું નામ : | |
| (૨) | હોદ્દો : | |
| (૩) | ઈ–મેઈલ આઈ.ડી. | |
| (૪) | સંસ્થાનું /ઘરનું સરનામું : | |
| (૫) | મોબાઈલ નંબર | |
| (૬) | પુસ્તકનું શીર્ષક | |
| (૭) | પુસ્તકની ભાષા | |
| (૮) | પુસ્તકની અંદાજિત વેચાણ કિંમત | |
| (૯) | પુસ્તકની પૃં.સંખ્યા | |
| (૧૦) | પુસ્તકનો અંદાજિત મુદ્રણ ખર્ચ રૂા. | |
| (૧૧) | છેલ્લા ૫ વર્ષમાં પુસ્તક પ્રકાશન માટે કોઈ સંસ્થામાંથી સહાય મેળવી છે ? જો મેળવેલ હોય તો વર્ષ, પુસ્તકનું નામ, સહાયની રકમ જણાવવી. | |
| (૧૨) | બેંક એકાઉન્ટની વિગત | Bank Name : Branch Name :<br>A/C. No.<br>IFSC : |

પુસ્તકમાં પ્રગટ થતાં વિચારો અને લેખન સંબંધિ સંપૂર્ણ જવાબદારી મારી રહેશે અને આ પુસ્તક પ્રકાશન સાથેનું બિલ ચેર–સેન્ટરમાં રજૂ કરવાની બાયધરી આપું છું.

લેખકનું નામ : ........................................................ લેખકની સહી :.............................

તારીખ : / /૨૦